ઇસ્લામનો હેતુ

રચનાર:

બદ્ર નિઝામી રાહતી.

૭૮૬ હુવલફુલ યા મુઈન.

ઇસ્લામનો હેતુ.

પ્રયોજક:—

બદ્ર નિઝામી—રાહતી.

(અર્ધ હ— સ્વાધીન)

પ્રકાશક

રાહતી બુક એજન્સી.

ઢાલગરવાડ- **અમદાવાદ.**

આવૃત્તિ પહેલી. પ્રત. ૨૦૦૦

કીંમત, ૩ આના.

મનહર પ્રિન્ટીંગ પ્રેસમાં મોતીલાલ ગણપતરામે છાપી.

ઠે. પાનકોરનાકા **અમદાવાદ.**

સમર્પણ

ઇશા અતે ઇસ્લામ અને ઈરિતિદાદની ભયંકર હીલચાલને દબાવવા બહાર પડેલા ઇસ્લામી ગાઝીઓમાંના એક વીર નર **જનાબ મૉલાના પીર સૈયદ જમાઅત અલી** શાહ મુહદ્દિસ અલીપુરી સાહેબની પવિત્ર સેવામાં આ પુસ્તક અર્પણ કરતાં મ્હને કૃતાર્થ થયેલો માનું છું.

ખાદિમુલ ઇસ્લામ.

અદ્ નિઝામી દેહલ્વી.

ઉપકાર

"વેહનો ભેદ" નામની નૉવેલ નીકળવાને હજી તો પંદર દિવસ પણ થયાં નથી, એવામાં મ્હારા મુરબ્બી અને "**નૂરે ઇસ્લામ**" માસિકના અધિપતિ મૌલાના મુહંમદ યુબ સાહેબ નકશબંદીની મદદથી આ બીજું અગત્યનું પુસ્તક પ્રગટ કરતાં મ્હને અતિશય આનંદ થાય છે. આ પુસ્તકના પ્રકાશનનું તમામ ખર્ચ મૌલ્વી સાહેબે ઉપાડી મ્હને પોતાને એમના ઉપકાર તળે દાબવા સાથે ઇસ્લામી સમાજ ઉપર પણ એક પ્રકારનો એહસાનજ કર્યો કહેવાશે. જો એવા સખી અને ઉદાર નરો મદદ આપે તો એક પછી સારામાં સારાં પુસ્તકો પ્રગટ થયેજ જાય.

આ પુસ્તક તૈયાર કરવામાં લંડનમાં ઇસ્લામનો પ્રચાર કરનાર ખ્વાજા કમાલુદ્દીન સાહબના પુસ્તકોએ પણ ઘણીજ સારી મદદ આપી છે એટલે એમનો પણ ઉપકાર ન માનું તો કૃતઘ્ની કહેવાઉં.

તા. ૧૫-૧૨-૨૪
ઢાલગરવાડ
અમદાવાદ.

બદ્ર નિઝામી-રાહવી.

ઈસ્લામનો હેતૂ

અલિફ લામ મીમ. ઝાલિકલ કિતાબુ લા રયબફીહે-હુદ્દલ લિલ્મુત્તકી નલ્લઝીના યુ'મિનૂના બિલ્ ગયબિ વ યુકી-મૂનસ્સલાતા વ મિમ્મા રઝકનાહુમ યુનફિકૂન. વલ્લઝીના યુ'મિનૂના બિમા ઉનઝિલા ઇલયકા વમા ઉનઝિલા મિન કબ્લિક; વ બિલ્ આખિરતિ હુમ યૂકિનૂન. ઉલાઇકા અલા હુદમ્મિર્રબ્બિહિમ વ ઉલાઇકા હુમુલ્ મુફ્લિહૂન. ઇન્નલ્લઝીના કફરૂ સવાઉન અલયહિમ અઅન્ઝરતહુમ અમ લમ તુન્ઝિરહુમ લા યુ'મિનૂન. ખતમલ્લાહો અલા કુલૂબિહિમ વ અલા સમઇહિમ વ અલા અબ્સારિહિમ ગિશાવા વલહુમ અઝાબુન અઝીમ. (સૂરએ અલ-બકર)

અર્થાત "અલિફ લામ મીમ (આ અક્ષરો 'હુરૂફે મુતશા-બ્બેહાત' કહેવાય છે, જેમના ખરા અર્થ ખુદાજ જાણે છે.) આ એ કિતાબ છે, જે (ખુદાની વાણી હોવા)માં લગારે શંકા નથી. તે (કિતાબ) પરહેઝગારો (પવિત્ર આચરણ વાળા) માટે હિદાયત (સદુપદેશ) રૂપે છે (માર્ગદર્શક રૂપ છે), જેઓ ગેબ (અદૃશ્ય-અપ્રકટ) ઉપર ઇમાન (શ્રદ્ધા) લાવ્યા અને નમાઝ પઢે છે અને અમે તેમને જે આપ્યું છે એમાંથી (ખુદાની રાહમાં) ખર્ચ કરે છે. અને (હે પેગમ્બર!) જે (કિતાબ) તમારી ઉપર ઉતરી અને જે તમારી પહેલાં ઉતરી તે (બધી) ઉપર ઇમાન લાવ્યા અને તેઓ આખિરત (પરલોક)નો પણ

યકીન રાખે છે, એજ લોકો પોતાના પરવરદિગાર-રબ-ના સીધા માર્ગ ઉપર (ચાલે)છે અને તેઓજ ફલાહ (ભલાઈ) મેળવનારા થશે. (હે પેગમ્બર) જે લોકોએ ઈન્કાર કર્યો તેમને તમે (ખુદાના અઝાબ શિક્ષાથી) ડરાવો કે ન ડરાવો એ સરખું છે, તેઓ તો ઇમાન લાવનારજ નથી, એમના અંતઃકરણો ઉપર, એમના કાનો ઉપર અલ્લાહે મહોર લગાવી દીધી છે અને એમની આંખો ઉપર પરદો (પડેલો) છે. અને તેમને માટે ભારે શિક્ષા છે."

આ કુરઆને પાકની શરૂઆતની સાત આયતો છે, જેમા મઝહબ (ધર્મ)ના હેતુ વિષે ખુલાસા આપેલો છે.

એતો એક સાધારણ કાયદો છે કે, કોઈપણ પુસ્તકના કર્તા પાસેથી આપણે એ આશા રાખીયે છીયે કે, તે પોતાના પુસ્તકની શરૂઆત (પ્રસ્તાવના)માં એ પુસ્તકનો હેતુ ટુંકાણમાં સમજાવી આપે. ત્યારે શું, આપણે ખુદા પાસેથી પણ એ આશા ન રાખીયે કે, તે પોતે મોકલાવેલા પુસ્તકની શરૂઆતમાં એ પુસ્તક મોકલવાનો હેતુ ટુંકમાંજ સમજાવી આપે? આપણી આ કુદરતી માગણીને પૂર્ણ કરવા કુદરતના માલિક, આલિમુલ ગૅબ (ત્રિકાળજ્ઞાની-ગુપ્ત વાતો જાણનાર) અલ્લાહ પાકે પોતાના અંતિમ અને કદિપણ વિકૃત ન થનારા પુસ્તકની શરૂઆતમા પ્રસ્તાવના રૂપે આ સાત આયતો ટાંકી દીધી. આ આયતોમાં મઝહબ અથવા ઇસ્લામનો હેતુ બતાવ્યા એટલુંજ નહીં, બલ્કે એક બાજુએ એમાં એ માર્ગ બતાવ્યા જેની ઉપર ચાલીને મઝહબનો હેતુ સિદ્ધ થઇ શકે છે અને બીજી બાજુએ મઝહબના હેતુંને આપણાથી દુર રાખનાર ખાડા ટેકરા (અડચણો)ની પણ ખબર આપી દીધી. આ બધી બાબતોનો આ ન્હાનકડા પુસ્તકમાં વિસ્તર ખુલાસા રજુ કરવો અશકય છે એટલે, હું તો માત્ર અત્રે એટલુંજ બતાવી આપીશ કે, ઇસ્લામ અથવા

કુરઆન અથવા ઇસ્લામને શા હેતુને માટે દુનિયામાં ખુદાએ મોકલાવ્યો.

મનુષ્ય સૃષ્ટિના ખુલાસારૂપ અને એનો એક અતિ અગત્યનો ખાસ અંગ છે. એટલા માટે ઉપલા સવાલનો જવાબ શોધવા કલામે ઇલાહી (ખુદાઈ વાણી) તરફ વળવા પહેલાં હું નેચર (કુદરત) રૂપી પુસ્તકને તપાસું, જે ખુદાના કામોને માટે, કુરઆને હમીદના શબ્દોમા કિતાબે મુબીન (પ્રત્યક્ષ ગ્રંથ) છે.

નેચર રૂપી ગ્રંથના જે જે પાનાને આપણે ઉથલાવીયે તેની ઉપર એકજ પ્રકારનુ લખાણ મ્હોટા મ્હોટા અક્ષરોમાં દેખાઇ આવે છે. એક પરમાણું—રજથી માંડી તેની ભવિષ્યની દરેક બનાવટ ઉન્નતિને માર્ગે ચાલતી દેખાઇ આવે છે, પ્રત્યેક વસ્તુમા અસંખ્ય જોહર—સત્વ સંતાયેલા હોય છે. જે ધીમે ધીમે પ્રકટ થાય છે. એક ન્હાનું સરખું બી એક વિશાળ વૃક્ષ બની જાય છે, જેમા સંખ્યાબંધ ડાળો, પાદડાં, ફળ, ફુલ વિગેરે ધીમેધીમે નીકળી આવે છે. સૃષ્ટિની ખુબી જ્યાં દૃષ્ટિ નાંખો ત્યા, ઉન્નતિ અને વૃદ્ધિમાજ દેખાઇ આવશે. માટીના રજકણોજ એક ભવ્ય ઇમારત બની જાય છે. આગીયા (એ નામનું એક પ્રકારનું પતંગીયુ હોય છે) નો પ્રકાશ એક જબરદસ્ત વિદ્યુત પ્રકાશના રૂપમાં ફેરવાઇ જાય છે. વડ કે દેવદાર જેવા વિશાળ વૃક્ષો એક કુંપળના વૃદ્ધિ પામેલા સ્વરૂપો છે.

દૂર શા માટે જઇએ. મનુષ્યનેજ જુઓને ? એ પોતે પણ એક પાણીના ટીપાના હજારમા ભાગ જેટલા કીડાનું વૃદ્ધિ પામેલું સ્વરૂપ છે. સારાંશ એકે, શકિત અને પ્રકૃત્તિ પ્રત્યેક પગમાં એક ડગલું આગળ વધતીજ દેખાઈ આવે છે. એમાં પાછા હઠવાની ટેવ દેખાતીજ નથી.

નેચરના આ દૃશ્યો અમારે માટે ઉત્તમમાં ઉત્તમ શિક્ષક બનવા જોઇએ અને અમારે તો આગળજ વધવું જોઇયે; પરંતુ અમારામાંથી કેટલાકને આ દુનિયાનું જીવન એટલું બધું પ્રિય લાગી ગયું છે કે, તેઓ એક વખત આ જગતને ત્યાગીને બીજીવાર પણ અહીંજ પાછા આવવાનું પસંદ કરે છે.

એ ખરૂં છે કે દરેક વસ્તુ પોતાના ઝવાલ (અવનતિ) પર પહોંચીને પોતાના અસલ સત્વોમા ભળી જાય છે, તેના શરીરને બાંધનારા પરમાણુંઓ પોતાની મૂળ સ્થિતિ તરફ પાછા ફરે છે. કુરઆન પાકે "વ ઇલયહે રાજિઊન" કહીને આ સત્યને ઉઘાડું પાડ્યું છે. પરંતુ એ પરમાણુંઓ એકત્ર થઈને જે નવીન ગ્નૉહર (સત્વ) પેદા કરે છે એતો પાછું નથીજ આવતું. ગુલાબના છોડમાથી ગુલાબનું ફુલ પેદા થાય છે, ફુલમાંથી ગુલાબનો અર્ક બને છે. અર્કથી આગળ અત્તર અને અત્તરથી આગળ રૂહ બને છે અને રૂહથી સુગંધ જન્મે છે, જે નાકના નસકોરાં વાટે મગઝ અને હૃદયને આનંદ સાથે શક્તિ પ્રદાન કરે છે. હવે જોઈ લોકે, દરેક નવું સ્વરૂપ બનતી વખતે કેટલોક નકામો ભાગ કચરા રૂપે રહી જાય છે અને તે પાછો પરમાણુંઓના સ્વરૂપમા ફેરવાઇ જાય છે; પરંતુ બીજમા રહેલું ગ્નૉહર (સત્વ) એક પછી એક સ્વરૂપ બદલીને અને દરેક સ્વરૂપમાં નવા નવા પરમાણુંઓને શરીર રૂપે ગ્રહણ કરતું આગળ વધે છે.

ટુંકમાં એટલુંજ કે, પ્રત્યેક વસ્તુના સત્વમાં ઉન્નતિ પ્રાપ્ત કરવાની ખાસ શક્તિઓ રહેલી છે, જે જુદે જુદે પ્રસંગે ઝાહિર થાય છે. દરેક સત્વની સ્હામે એક લાંબી મુસાફરી હોય છે, જેની જુદી

જુદા મનઝિલો (વિશ્રામસ્થાન) છે. હવે અસલ સત્વ ઉન્નતિને માર્ગે જે જે મનઝિલમાં દાખિલ થાય છે, ત્યાંથીજ પોતાના ઉપયોગના ભિન્ન ભિન્ન પરમાણુંઓ લઇને પોતાની શક્તિઓ (જે એ મનઝિલ સાથે સંબંધ ધરાવે છે) ને કેળવે છે. જ્યારે સત્વ એક ખાસ પ્રકારની ઉન્નતિ પ્રાપ્ત કરી ચુકે છે, ત્યારે તેની એક પ્રકારે 'અપનતિ' શરૂ થાય છે એટલે તેના સાધારણ (અમુક સમય માટેના) પરમાણુંઓ એક બાજુથી જુદા પડી પોતાના અસલ સ્વરૂપમા ભળી જાય છે; પરંતુ અસ્લી સત્વ એ ઉન્નતિની મનઝિલે પહોંચ્યા પછી એ ઉન્નતિની આગળ રહેલી ઉન્નતિ તરફજ પ્રયાણ કરે છે. અસ્લી સત્વથી સાધારણ પરમાણુંઓના જુદા પડવાનું નામ **મોત** પાડવામા આવ્યુ છે.

ગોબી (એ નામનું છોડવું છે) ના કીડા મુકો (cater-pillar) બની જાય છે, જેના (મૃત) દેહમાથી તીતરી (પતંગીયું-એ નામની દવા પણ છે) નીકળે છે. માટી અને ધાતુઓના પરમાણુંઓ શાકભાજીનું સ્વરૂપ ધારણ કરે છે, પછી એમાંનું અસ્લી સત્વ પશુનો ખોરાક બની પશુશરીર ધારણ કરે છે. દાખલા તરીકે, જુદી જુદી લીલોતરીઓ અથવા લોહી અને માંસમાં એજ સત્વ રહેલો હોય છે જે છેવટે મનુષ્ય શરીરમા સ્વચ્છ લોહી પેદા કરીને જીવન-સત્વ બને છે. આ જીવન સત્વ હૃદયમા એક ન્હાના સરખા કાળા બિંદુ જેવું હોય છે, જેણે ઘણી મનઝિલો વટાવી છે. એજ હૃદયની કાળાશમાંથી હૃદયના એ આનંદ-રસો જન્મે છે જે વધુ સંખ્યામાં મળતાં આત્મવાદ-બ્રહ્મવાદ કહેવાય છે. આ સ્થળે પહોંચતાં એ અસ્લી સત્વથી પેલા સાધારણ પરમાણુંઓ છુટા પડી જાય છે, જે ભાજીપાલાના સ્વરૂપમાં અથવા પશુ શરીરમાં એની સાથે ભળ્યા હતા.

સારાંશ એ કે, ઉન્નતિને સ્થળે પહોંચ્યા પછી પાછા ફરવું એતો સાધારણ પરમાણુંઓનું કામ હોય છે, અસ્લી સત્વનું નહીં. અસ્લી સત્વ તો દેહ-સ્વરૂપ બદલતો બદલતો દર પળે આગળને આગળજ વધે છે:-

હમચૂ સબ્ઝા બારહા રૂઈદાઅમ,
નોહ સદો હફ્તાદ કાલિબ દીદા અમ.

(અર્થાત લીલોતરીની પેઠે અનેકવાર ઉગ્યો છું અને મ્હેં નવસો સીત્તેર દેહ જોયા છે.)

આ શેરની મતલબ પણ એજ થાય છે. અફસોસ, કે કેટલાક નાદાન લોકો એના ખરા મતલબને ન સમજતા એને પુનર્જન્મવાદ તરીકે માની લે છે. કૃષ્ણજીએ અર્જુનને પૂર્વ જન્મો વિષે જે સમજાવ્યું છે એ જન્મ અને દેહ-સ્વરૂપો પણ આજ છે, અન્ય નહીં.

જે પ્રમાણે દરેક વસ્તુ આગળ વધે છે. પાછળ હટતી નથી, એજ પ્રમાણે સૃષ્ટિમાંની પ્રત્યેક વસ્તુ કુદરતી શક્તિઓ સંપૂર્ણ રીતે લઈનેજ, કાંઈપણ ઓછ ખાપણ વિના જન્મે છે અને તે પોતાની ઉત્પત્તિમાં લગારે ફેરફાર વિનાની હોય છે. કેટલેક પ્રસંગે કેટલીક વસ્તુઓની એ શક્તિઓ, અમુક કારણોને લીધે ખીલી ન શકે, એ જુદી વાત છે.

દરેક બી પોતાની અંદર પાંદડા, ડાળીયો, મૂળીયા, થડ, ફૂલ, ફળ, સ્વાદ અને ખાસ ખાસ પ્રકારના સ્વરૂપ ધરાવે છે. જો એને અનુકુળ સંજોગો પ્રાપ્ત થઈ જાય તો તે એક પ્રપૂર્ણ વૃક્ષ બની શકે છે અને પ્રતિકુલ સંજોગો મળતાં તેની ઉન્નતિ અટકી પડે છે: બલ્કે કેટલેક પ્રસંગે તે પોતે પણ નષ્ટ થઈ જાય છે.

મનુષ્યને આખી સૃષ્ટિના ખુલાસા રૂપે આજે દુનિયાએ માન્યો છે. સૃષ્ટિની સર્વ શક્તિઓના પ્રાકટ્યનું સર્વોત્તમ સ્વરૂપ માનવ શરીર છે. સૃષ્ટિની એક પણ શક્તિ એવી નથી, જે એમાં ન રહેલી હોય, અને માનવ શરીરમાંજ એ બધી શક્તિઓ ઉત્તમ પ્રકારે પોષાય છે. એટલા માટે ઉન્નતિનું જોહર માનવ શરીરમાં દાખલ થઈ ખેડવાળું બની જાય છે, એમ માનવું તદ્દન ભૂલ ભરેલું છે. કેમકે એ જોહરમાં કુદરતી ફેરફાર થવો તદ્દન અસંભવિત છે. ગુનાહ એટલે શું ? એ અવનતિનું બીજું નામ છે. સૃષ્ટિની દરેક વસ્તુ ઉન્નતિ કરવાને લાયક હોય અને ઉન્નતિ પ્રાપ્ત કરી શકતી હોય, પરંતુ ખુદાની સર્વોત્તમ કૃતિ–મનુષ્ય–એ ઉન્નતિથી વંચિત્ રહી જાય ? દરેક વસ્તુ અવનતિથી (પાછળ હટવાથી) બચે અને પોતાનો પગ ઉન્નતિની નિસરણી ઉપર મુકે, ત્યારે શું મનુષ્યને અવનતિ પ્રાપ્ત થાય અથવા તેને પાછા હટવું પડે ?

આ માટીના કાળા ઢેફા, બુદ્ધિ નીચે આવતા ભૂમિને સ્વર્ગ-લોકમાં ફેરવી નાંખે છે. વિજ્ઞાનનો ફેલાવો થતાં એ ઢેફાઓમાંથીજ નવનવા સુંદર આકારો કાઢવામાં આવ્યા છે; પરંતુ વિજ્ઞાને પોતે કોઇ નવી વસ્તુ પેદા કરી નથી, કેમકે એ બધી વસ્તુઓ ભૂમિમા પ્રથમથીજ જોહર (સત્વ) રૂપે વિદ્યમાન હતી. હા, ખોટ માત્ર વિજ્ઞાનના થોડાક નિયમો જાણવાની હતી, જે પ્રમાણે ચાલવાથી માટીને સ્વર્ગસમાન બનવાનું હતું અને એ નિયમો સાયન્સ વડે શોધી શકાયા.

જ્યારે ઝમીનની સ્થિતિ આવી છે, તો પછી મનુષ્ય તો સમસ્ત સૃષ્ટિના ખુલાસા રૂપે છે ! ! ઇસ્લામ માણસને " ન્હાનું

જગત્" તરીકે ઓળખાવે છે અને ઇસ્લામના એ શબ્દોની સત્યતા ચાલુ સદીની વિજ્ઞાનની શોધ ખોળોને પરિણામે સાબિત થઇ ચુકી છે. હવે પ્રત્યેક વિજ્ઞાનશાસ્ત્રી કબૂલ કરે છે કે, મનુષ્યમાં તરેહવાર શક્તિઓ અને જોહર (સત્વ) રહેલા છે અને જો મનુષ્ય એ શક્તિઓને કેળવી તેમનો વિકાસ કરવાના નિયમો જાણે તો તે શક્તિઓ તેનામાં રહેલા જોહરોને ઉન્નતિ તરફ દોરે અને મનુષ્ય પોતાની ઉન્નતિના માર્ગે કોણ જાણે કયાંએ પહોચી જાય.

ધર્મ-મઝહબ, ધર્મ પુસ્તક અથવા ઇલ્હામ એનેજ કહી શકાય જે માણસને તેની ઉન્નતિના એ નિયમો બતાવે જે વડે તે પોતામા રહેલી શક્તિઓને કેળવે અને જોહરોને ઉન્નતિને માર્ગે દોરે. જે ધર્મ કે ધર્મપુસ્તક એ નિયમો ન બનાવી શકે તે, ધર્મ કે ધર્મ પુસ્તક કહેવડાવવાને પાત્રજ નથી. એજ કારણે કુરઆન પાકે કુરઆનમાં ટાંકેલી સાત આયતોમાં કોઈ ઉચ્ચ વ્યક્તિ (ખુદા) અથવા કોઇ મનુષ્યના અસ્તિત્વ અને તેના જીવનકર્મો ઉપર ઇમાન લઇ આવવાનેજ "મઝહબનો હેતુ" ઠેરવ્યો નથી. એતો ખરૂં છે કે, કોઈ શ્રેષ્ઠતમ વ્યક્તિ (ખુદા) ઉપર ઇમાન લાવવું તેમજ કોઇ મઝહબી માર્ગદર્શક (ધર્મોપદેશક) અથવા પેગમ્બરના જીવનને પોતાને માટે નમુના રૂપ બનાવવું મઝહબનો હેતુ સિદ્ધ કરવા માટે આવશ્યક છે; પરંતુ જેવીરીતે કોઈ ધનાઢ્ય પુરૂષના ધનવાન હોવા ઉપર ઇમાન લઈ આવવાથી આપણે પોતે ધનાઢ્ય થઈ શકતા નથી. એજ પ્રમાણે કોઇ ઉત્તમ પુરૂષના જીવનકર્મો ઉપર માત્ર ઇમાન લાવવો એ મઝહબનો હેતુ પણ ન હોઇ શકે તેમજ એનાથી હેતુ સિદ્ધ પણ ન કરી શકાય. એવા રોકડીયા (નકામા) ઇમાનથી તો

એ ધર્મો પણ કોરા નથી જેમને આજકાલ નાસ્તિકતા અને અસદ્ધર્મ, (**Paganizm**) ના લીસ્ટમાં મૂકવામાં આવે છે.

તેઓ માત્ર ખુદાને પુજવાને અથવા એને વિષે કાઇક માહિતી મેળવી લેવાને અથવા એના ગુણોનું જ્ઞાન પ્રાપ્ત કરી લેવાને મઝહબનો હેતુ ઠેરવે છે. એતો ખરૂં છે કે, મનુષ્ય ખુદાને ઓળખવાથી અને તેની બંદગી કરવાથીજ ઇચ્છિત (ઇષ્ટ) સ્થાને પહોંચી શકે છે. અને એને માટે ખુદાના ગુણોનું જ્ઞાનજ અગત્યનું છે: પરંતુ એ બધું "મઝહબના હેતુ" તરીકે તો નજ ગણાય.

જ્યાં સુધી આપણે એ ન જાણી લઇયે કે, ખુદાની મા'રિફત (ઓળખ) અને બંદગી આપણને કયે માર્ગે લઇ જાય છે. ત્યાં સુધી આપણે અંધારામાં ચાલી રહ્યા છીયે. માત્ર એટલુંજ માની લેવું કે, ખુદા છે. અને તે આવા આવા પ્રકારના છે. અથવા તે અમુક અસ્તિત્વના સ્વરૂપમાં પોતાના કોઈ અમુક ખાસ ગુણને પ્રગટ કરવા ઝાહિર થયો એથી કાંઇ ધર્મનો હેતુ સિદ્ધ થતો નથી. અસદ્ધર્મ (પેગનીઝમ)માં પણ એજ વાતો હતી. વિડન, થૉર, જ્યુપિટર, રામ, કૃષ્ણ, જીસસક્રાઇસ્ટ વિગેરે પોતાના ધર્મના ઉપદેશક હતા, પણ પાછળથી લોકોએ એમનેજ ખુદા તરીકે માનવા માંડયા.

જો કોઇ અમુક માણસ રબ્બાની (ઇશ્વરીય) રંગમાં રંગાયેલો હોય અને તેનામાં ખુદાના ગુણો ઝળકતા હોય તો તેને દેખવો અથવા એની પાછળ એનો એહવાલ વાંચવો જાણે ખુદાનેજ જોવા જેવું મનાય. એવા માણસને પગલે ચાલવાથી આપણે ઇષ્ટ સ્થાને પહોંચી શકીયે; પરંતુ માત્ર એટલુંજ માની લેવું કે, તે ખુદાના પડછાયા કે પ્રતિબિંબ સમાન છે અથવા તે ખુદાના અમુક ગુણોને ઝાહિર કરવા

માટે આવ્યો, એથી આપણું કાંઇ વળે એમ **નથી** એટલા માટે એ **પણ મઝહબનો હેતુ ન ગણી શકાય. કેમકે અમુક માણસ આગળ, બલ્કે ખુદ ખુદાની આગળ માત્ર નમી પડવાથી કે માથું ભોંય પર મુકી દેવાથી,** કાંઇ આપણામાં રહેલા સેંકડો પ્રકારના જોહર પોષી શકાય? નહીંજ.

કેટલાક લોકો મઝહબનો હેતુ માત્ર ખુદાની મહત્તા ઝાહિર થવામાજ માને છે. જો કે આ વાત પણ કેટલેક અંશે ખરી છે. છતા એ મહત્તા બરાબર રીતે ત્યારેજ ઝાહિર થઇ શકે છે. જ્યારે સૃષ્ટિ અને ખાસ કરીને મનુષ્ય પોતાની ઉન્નતિની ટોચે પહોંચી તે મહત્તાને બરાબર રીતે સમજે. ઇસ્લામનો હેતુ પણ એજ હોવો જોઇએ કે, એના વડે એ વિદ્યાઓ–વિજ્ઞાનના ઝાહિર થવાના કારણભુત બને જેથી મનુષ્યત્વના જોહર સંપૂર્ણ રીતે ઉન્નાત પ્રાપ્ત કરી શકે.

નફસ*ની સંપુર્ણ ઉન્નતિ થવાથીજ ખુદાની મહત્તા પ્રકટ થાય

---

* આ અરબી શબ્દ છે જેના ઘણા અર્થ થાય છે, જેમકે જીવ, આત્મા, કોઈપણ વસ્તુની અસલ, અસ્તિત્વ, દરેક વસ્તુનું અસલ સ્વરૂપ લોહી અને દેહ તરીકે પણ વપરાય છે. ફારસીમા તે જનનેન્દ્રિય માટે પણ વપરાય છે. તસવ્વુફ (બ્રહ્મજ્ઞાન યોગ)ની ભાષામાં નફસના ત્રણ પ્રકાર છે:—

(૧) **નફસે અમ્મારા** – ભાનવૃત્તિ, દુનિયાના ઉપભોગ પ્રત્યે અથવા ખોટા કામો તરફ મનુષ્યની વૃત્તિ દોરાય તે.

(૨) **નફસે લવ્વામા**—પોતાને ખોટાં કહેનાર, આત્મ પ્રકાશ થતાં ખોટા કર્મો માટે પોતેજ પોતાને ધિક્કારે એ નફસે લવ્વામા કહેવાય છે.

(૩) **નફસે મુતમઈન્ના**—દરેક ખોટા કામોથી તદ્દન પાક અને બધા સારા કર્મ કરનાર નફસ. માનવવૃત્તિ આ હદ સુધી પહોંચ્યા પછીજ ખુદાની મહત્તા પ્રગટ થાય છે.

-છે. મનુષ્યની દરેક કોશિષ પોતાની ઉન્નતિ માટે હોય છે, તો પછી મઝહબનો મુખ્ય હેતુ પણ એ સિવાય બીજો શો હોઈ શકે ? હવે જો આ હેતુ કોઇ માબુદ (ઇબાદત-પ્રાર્થનાને પાત્ર)ની આગળ ઉભા રહી થોડાંક વાક્યો ભણવાથી અથવા થોડાંક અશ્રુબિંદુઓ વ્હેવરાવવાથી અથવા થોડીક શ્રદ્ધાઓ (એ'તિકાદાત)ને માન્ય ગણી લેવાથી અથવા કોઇ કુરબાની રજુ કરવાથી અથવા કોઈ કુરબાનીને નજાત (મોક્ષ)ના કારણભુત માનવાથી સિદ્ધ થઇ શકતો હોય તો, માત્ર એટલુંજ શિક્ષણ આપનાર ધર્મ સત્યધર્મ કહી શકાશે.

પરંતુ જ્યારે આપણે માનવપ્રકૃત્તિ-નેચર-ફિતરત-પ્રત્યે નઝર નાંખીયે છીયે અને તેમાં રહેલા જોહરોને નરખીયે છીયે ત્યારે માત્ર ઉપર ગણાવેલા ઇમાનથી એ જોહરો પોષી શકાય એમ નથી દેખાતું અને અનુભવથી પણ સાબિત થઈ ચુકયું છે કે એવું કોરેકોરૂં ઇમાન નિરર્થક છે. એવું ઇમાન તો આપણા દુર્ગુણો અને અનીતિ ને પણ દુર ન કરી શકે. એટલા માટે અમે તો એજ પુસ્તકને ખુદા તરફથી મોકલાવેલ કહીશું, જેમાં મનુષ્યની અંદર રહેલા ગુપ્ત જોહરોને કાર્ય કરનાર બનાવી, તેમનું પોષણ કરી, તેમને ઉન્નતિ તરફ દોર-વાનો ઉપદેશ હોય.

ખુદાના લાખલાખ દરૂદ અને સલાંમ એ ખાતિમુન્નબીય્યીન મુહમ્મદ મુસ્તફા (સ૦ અ૦ સ૦) ઉપર જેમણે અમને વહી (ઇશ્વરીય સંદેશ)નો મૂળ હેતુ બતાવી આપ્યો. પુસ્તકની શરૂઆતમાં ટાંકેલી કુરઆનની આયતોમા બતાવવામા આવ્યું છે કે " જે લોકો કુરઆન ઉપર અને અગાઉના ઇલ્હામી પુસ્તકો ઉપર તથા કયામતના દિવસ ઉપર ઇમાન લાવશે એમનો રબ્બ (ખુદા) એમને એક હુદા (માર્ગ)

બતાવશે, જે (ઉપર ચાલવા)થી તેઓ **ફલાહ** (ભલાઇ) પ્રાપ્ત કરનાર બનશે. "

અહીંયા રબ્બ, હુદા અને ફલાહ એ ત્રણ શબ્દો બહુજ વિચારવા જેવા છે, એ ત્રણે શબ્દો મઝહબ અથવા ઇસ્લામના ઉપર બતાવેલા હેતુ તરફ ઇશારો કરે છે,

રબ્બના અર્થ અરબી શબ્દાર્થના પુસ્તક " તાજુલ ઉરૂસ " મા તેમજ મી. લેને (જેણે અરબી શબ્દકોશ અંગ્રેજીમાં તૈયાર કર્યો છે) નીચે પ્રમાણે કર્યો છેઃ–" પેદા કરવું, પોષણ કરવું, ઉન્નાતની ટોચે પહોંચાડવું, બંધારણ પ્રમાણે સંપૂર્ણતાએ પહોંચાડવું. " હવે આ ચાર અર્થો ઉપર જુદી જુદી રીતે તથા એક સામટી રીતે વિચાર કરો, તો તમને દેખાઇ આવશે કે, કુરઆનનું શિક્ષણ જેને મઝહબનો હેતુ બતાવે છે. એ હેતુ આ એકજ શબ્દમાં આવી જાય છે, એટલે કે, રબ્બ એનેજ કહી શકાય જે દરેક વસ્તુમા ખાસ ખાસ પ્રકારની શક્તિઓ મુકે પછી એ વસ્તુને પોતાની શક્તિઓ કેળવવાના માર્ગો સુઝરે કરે તેમજ એ ઉન્નતિના માર્ગમાં તે વસ્તુને પોતાના પોષણ અને પોતાની સંપૂર્ણતા માટે જે જે અનુકૂળ બાબતોની અગત્યતા રહે છે તે બધી અગત્યતાઓ પેદા કરી દે.

એવોલ્યુશન—ઇર્તિકા'—પ્રકટીકરણનો જે સિદ્ધાંત યૂરોપમા ડૉરવને ખોટી રીતે સમજ્યો અને ડૉ૰ સ્પેન્સરે તેની ભૂલને સુધારી અને જે આજે પ્રત્યેક દર્શકણમા કામ કરતો દેખાઇ આવે છે, એ સિદ્ધાંત શુ આ " રબ્બ " શબ્દમાં નથી આવી જતો ?

અત્રે કોઈ એવી શંકા રજુ કરશે કે, એવોલ્યુશનનો સિદ્ધાંત પ્રકાશમાં આવ્યા પછી મદને "રબ્બ" શબ્દના આ અર્થ સમજાયા.

એ શંકાનું પણ નિવારણ કરી નાંખવું જોઇએ. પહેલી સદી હીજરીના અંતથી માંડીને બીજી સદી હિજરીના અંત સુધીમાં લખાયેલા બધા અરબી શબ્દકોષોમાં "રબ્બ" શબ્દના અર્થ એજ કરવામાં આવ્યા છે, જે મ્હેં ઉપર સમજાવ્યા. હવે વિચાર કરો કે, આજથી અગીઆરસો વર્ષ પહેલાં યૂરોપમાં એવોલ્યૂશનશાસ્ત્ર કોણે શોધ્યું હતું ? એથી વધુ પાસે આવીયે તો, આજથી છસો વર્ષ પહેલાં હઝરત ઇમામ રાગિબે લખેલી "લુગાતે મુફરિદાતે કુરઆન" માંથીજ એ શબ્દના અર્થ આપી દઉં છું:—" રબૂબીયત એટલે કોઈ વસ્તુનું એ સંપૂર્ણ પોષણ કહેવાય છે, જેને આધારે તે વસ્તુ એક પછી એક મનઝિલ વટાવીને પોતાની સંપૂર્ણ ઉન્નતિ અથવા અસલી કમાલ સુધી પહોંચી જાય છે."

સ્વયં કુરઆન પાકમાં પણ "રબ્બ" શબ્દનો એજ ખુલાસો મળી આવે છે. જુઓ, લખ્યું છે કે "ફિરઔને (હઝરત) મૂસાને પૂછ્યું કે, હે મૂસા ! તારો રબ્બ કોણ છે ? તેણે (મૂસાએ) જવાબ આપ્યો કે, અમારો રબ્બ એ છે જેણે દરેક વસ્તુને પેદા કરી અને તેને આકાર આપ્યો છે અને તેનું પોષણ થવાના અંદાઝા (નિયમો) પણ મુકર્રર કર્યા છે તેમજ એ વસ્તુને એ માર્ગે ચલાવી છે જેની ઉપર ચાલીને તે પોતાની ખરી ઉન્નતિને પ્રાપ્ત કરી શકે."

આ આયતમાં "ખલ્ક" શબ્દ વપરાયો છે, એના અર્થ અરબી ભાષામાં માત્ર પેદા થવાના નથી; બલ્કે સાથેજ સાથે એ પેદા થનાર વસ્તુની આકૃતિ, તેના ગુણ, એની કુદરતી શક્તિઓ અને એના પોષણ તથા ઉન્નતિને માટે અગત્યના અંદાઝા કે તકદીર એ બધી બાબતોનો એમાં સમાવેશ થઇ જાય છે.

હવે બીજો શબ્દ "હુદા" છે. હુદા એ માર્ગને કહેવામાં આવે છે જે ચાલનારાને છેવટના સ્થાન સુધી પહોંચાડે. એકાદ મન્ઝિલ સુધી પહોંચાડનાર માર્ગને 'હુદા' નજ કહી શકાય. એટલાજ માટે ઇસ્લામને 'હુદા' કહેવામા આવ્યું, કે તે મનુષ્યની સર્વ પ્રકારની શક્તિઓને પોષીને તેમને સંપુર્ણ ઉન્નતિએ પહોંચાડે છે.

ત્રીજો અને ખાસ સમજવા જેવો શબ્દ "ફલાહ" છે. એનો એક અર્થ કામયાબી—સફળતા થાય છે. પરંતુ અસલ અર્થ "ગુપ્ત વસ્તુઓ ઉપરથી પરદો ઉઠાવી તેમને પ્રકાશમા લાવવી" એ થાય છે.

ખેતર ખેડવાના કામને પણ અરબી ભાષામાં "ફલાહત" એ આધારેજ કહેવામાં આવે છે કે, એમા ઝમીનને ખેડીને તેની શક્તિઓને પ્રકાશમાં લાવવામાં આવે છે.

અરબી ભાષાની એ ખૂબી છે કે, એના ઘણા ખરા શબ્દો દ્વિઅર્થી હોય છે અને તે બન્ને અર્થમાં કારણ અને પરિણામનો સંબંધ દ્વિઅર્થી હોય છે. એક અર્થ એવી બાબત દર્શાવે જે પરિણામ તરીકે ગણાય ત્યારે બીજા અર્થમાં એ પરિણામ પ્રાપ્ત કરવાના કારણો અને સાધનો બતાવેલા હોય છે. દાખલા તરીકે "તકવા" શબ્દના અર્થ "સત્યવાદ" અથવા "નેકી—પવિત્રતા" થાય છે. ત્યારે એનાજ બીજા અર્થ "બચવું" અથવા "ભય" પણ થાય છે. હવે જુઓ, એ બે વચ્ચેનો સંબંધ કેટલો બધો છે? ખુદાના ભય અથવા ખોટા કર્મથી બચવાથીજ સત્યવાદ અથવા પવિત્રતા પ્રાપ્ત થઈ શકે છે.

એજ પ્રમાણે "સંઆ" શબ્દના એક અર્થ "કોઇ વસ્તુનું સંપૂર્ણ ઉન્નતિ એ પહોંચવું" થાય છે ત્યારે બીજા અર્થ "તાંદીલ

અર્થાત્ અમુક વસ્તુને અમુક વસ્તુની બરાબર કરવી અથવા સીધી અને ઠીક કરવી " થાય છે. હવે એ બન્ને અર્થ વચ્ચેનો સંબંધ પણ જુઓ કે, અમુક વસ્તુની સંપૂર્ણ ઉન્નતિ ત્યારેજ થઇ શકે છે, જ્યારે તેની બધી શક્તિઓ સરખી રીતે કામ કરે.

એજ પ્રમાણે જો " ફ્લાહ " શબ્દના એક અર્થ " સફળતા " છે ત્યારે બીજા અર્થ કોઈ વસ્તુની છુપી શકિતઓને પ્રકાશમાં લાવવાના છે. કોઇ પણ વસ્તુની ઉન્નતિ કે સફળતાનો સર્વ આધાર તેની બધી ગુપ્ત શકિતઓના પ્રાકટય ઉપરજ રહેલો છે, કેમકે પોતાની શકિતઓની હદ કરતાં આગળ વધવું અશકય છે.

દાખલા તરીકે એજ ચિત્રકાર 'સફળ' કહેવાય છે. જે પોતાના મગજમાં દોરાયલું ચિત્ર કાગળ ઉપર સુંદર રંગોમાં દોરી બતાવે છે. એજ લેખક કે ભાષણ કરનાર સફળ મનાય છે, જે પોતાના વાંચકો કે શ્રોતાઓના મનમાં પોતાના મનમાંથી નીકળેલી વાતો ચોંટાડી શકે. એજ પ્રમાણે દરેક વસ્તુની ઉન્નતિ ત્યારેજ થઇ શકે છે, જ્યારે તેની બધી શક્તિઓ ઝાહેર થઇ જાય આ બધા ભાવાર્થને સમજાવવા માટે "ફ્લાહ" જેવો એકજ શબ્દ તમને બીજી કોઇ પણ ભાષામા નહીં મળી શકે.

અરબી શબ્દકોષોના કર્તાઓએ એ શબ્દના ખુલાસામાં લખ્યું છે કે, આ શબ્દ માત્ર આ જગત્ સાથે સંબંધ ધરાવતી સફળતા માટેજ નથી વપરાતો, બલ્કે એ સઘળા પ્રકારની સફળતા, જે માનવ પ્રકૃત્તિમા કુદરતી રીતે રહેલી છે; પરંતુ તે મૃત્યુ પછી પ્રકટ થાય છે, એમને પણ આ શબ્દ પોતાની અંદર સમાવી લે છે. એ મરણ પછીની સફળતાનું નામ ઇસ્લામે " જન્નત " મુકયું છે.

'જન્નત' શબ્દ પણ ઘણોજ રહસ્યમય શબ્દ છે. એના એક અર્થ "ગુપ્તમાં ગુપ્ત વસ્તુ" છે. એટલે કે, એવી ગુપ્ત વસ્તુ જેનું સ્વરૂપ સમજીજ ન શકાય. જન્નત શબ્દના ધાતુમાંથી જેટલા શબ્દો બન્યા છે તેમાં પણ એક પ્રકારનું છુપાપણું રહેલું છે. દાખલા તરીકે એક શબ્દ "જીન્ન" છે. હવે "જીન્ન" તે અસ્તિત્વ છે, જેને આપણે ન જોઇ શકીયે. સ્ત્રીના ગર્ભમાં રહેલા બાળકને અરબીમા "જનીન" એટલા માટેજ કહેવામાં આવે છે કે, તે ગુપ્ત છે. "મજનું" એજ માણસ કહેવાય છે, જેનું મગજ અંધકારપૂર્ણ હોય. તેમાં પ્રકાશ ન હોય.

"જન્નત"ના બીજા અર્થ "બગીચો" થાય છે, જેના પ્રત્યેક વૃક્ષો, છોડવાઓ અને વેલાઓ સંપૂર્ણ રીતે ઉન્નતિ પ્રાપ્ત કરી ચુકેલા હોય. આ ઉપરથી સમજી શકાય છે કે, "જન્નત" શબ્દના આ બન્ને અર્થ સરખાજ છે અર્થાત્ તે એકજ વસ્તુની બે સ્થિતિઓ બતાવે છે. કોઇ પણ બગીચાની શરૂઆતની સ્થિતિ એટલે માટીના ઢેફા તેમજ તેમા વવાતા જુદાજુદા બી એ સૌ પહેલા અર્થમા જન્નત છે. એ પ્રસંગે એ વસ્તુઓમાં રહેલા જોહર ગુપ્ત હોય છે. એ બધા જોહરો જમીન ખેડાતાં અને પાણી મળતાં એક સુંદર બગીચો અથવા બીજા અર્થમાં 'જન્નત' બની જાય છે.

આ સ્થળે એક બીજી વાતનો પણ ખુલાસો થઇ જાય છે અને તે એકે, મુસલમાન સૂફીઓ (બ્રહ્મજ્ઞાની) એ લખ્યું છે કે "મનુષ્યની જન્નત મનુષ્યની અંદર રહેલી છે." એ વાક્યનો ભાવાર્થ પણ આજ છે. નફસે નાતિકા (જેને વૈદકશાસ્ત્રીઓ આત્મા કે જીવ કહે છે) માં હજારો પ્રકારની શક્તિઓ અને જોહરો રહેલાં છે. તે જ્યારે સાચા

ખુદાઈ મઝહબ કે શિક્ષણદ્વારા સંપૂર્ણ ઉન્નતિ પ્રાપ્ત કરે છે, ત્યારે જન્નત બની જાય છે. કેટલીક માનવશક્તિઓ આ દુનિયામાજ સદ્‌ગુણો, સદાચાર અને રૂહાનીયત (બ્રહ્મવાદ-વિદેહી આત્મા આત્માનો સંસર્ગ રાખી કાંઇ દૃષ્ય ચમત્કારો કરે છે એવો મત) તરીકે ઝાહિર થઈ જાય છે; પરંતુ તેઓ પોતાની સંપૂર્ણ ઉન્નતિ મરણ પછીજ પ્રાપ્ત કરે છે અને એટલાજ માટે કુરઆને પાકમાં મનુષ્યને માટે બે જન્નતો (જન્નતાન) બતાવી છે, એક આ દુનિયામા અને એક પરલોકમાં. આવી રીતે 'ફલાહ' અને 'જન્નત' બન્ને એકજ શબ્દો અથવા એકજ ભાવને બતાવનાર બે શબ્દો છે, એ સાબત થાય છે.

સારાંશ એ કે, કુરઆન પાકની આ "ઉલાઇકા અલાહુદમ્ મિર્રબ્બિહિમ વ ઉલાઇકા હુમુલ મુફ્‌લિહૂન" આયતમાં સાચા ખુદાઇ ઇલ્હામનો હેતુ 'ફલાહ' ગણવામા આવ્યો. એટલે કે 'ઇલ્હામ રબ્બની તરફથી એ હદાતે લાવે છે જે વડે મનુષ્ય ફલાહ અથવા જન્નત પ્રાપ્ત કરી લે. અર્થાત્ તેની બધી શુભ શક્તિઓ, તેના બધા શુભ જોહરો અહીંયાં તથા પરલોકમા પોત પોતાની જગ્યાએ સંપૂર્ણ ઉન્નતિ પ્રાપ્ત કરી લે.'

એ ખરૂં છે કે, મઝહબનો આ હેતુ ખુદાના ગુણોના સાચા જ્ઞાન વિના સિદ્ધ નથી થતો. જો આખી સૃષ્ટિ અને તેમા રહેલા જોહરોનું પ્રાકટ્ય ખુદાના હુકમ તળે છે, તો પછી તે ખુદાના ગુણો અથવા એના માર્ગોનું જ્ઞાન પણ અવશ્ય હોવુંજ જોઇયે. એ ગુણો ગમે તો નેચર=કુદરત રૂપી પુસ્તકને તપાસવાથી મળી આવે અથવા ઇલ્હામ વડે. ખુદાના સર્વ ગુણો અને તેના સર્વ કાયદાઓને કોઈ

પણ જાણી શકે એમ નથી, છતાં તેના જે ગુણો મનુષ્યની "ફ્લાહ" ને માટે જરૂરી છે તેતો આપણે જાણવાજ જોઇયે.

કુરઆન પાકમા ખુદાએ પોતાના નવ્વાણું ગુણ બતાવ્યા છે, પણ એ નવ્વાણું ગુણોને ફકત ચાર ગુણોમાંજ આટોપી લીધા છે. જુઓ 'સૂરએ ફાતિહા'મા રજુ કરેલા "રબ્બુલ આલમીન." "રહમાન" "રહીમ" 'માલિકે યવમુદ્દીન"એ ચાર ગુણોમા એ બધા ગુણોનો સમાવેશ થઈ જાય છે, જે મનુષ્યની 'ફ્લાહ' માટે આવશ્યક છે.

(૧) રબ્બુલ આલમીન—એટલે પ્રત્યેક પરમાણું-રજ-નો પેદા કરનાર, તેમાં ઉન્નતિ પ્રાપ્ત કરવાની શક્તિઓ મૂકનાર, તેમને સંપૂર્ણતાએ પહોંચાડનાર અને એ કર્જને માટે દરેક પ્રકારના પોષણના સામાન પેદા કરનાર.

(૨) રહમાન—એને કહેવામા આવે છે જે, દરેક વસ્તુની સંપૂર્ણતા કે ફલાહને માટે આવશ્યક વસ્તુઓ પ્રથમથીજ પેદા કરી મૂકે. જેવી રીતે ખુદાએ પ્રાણીમાત્રને ઉપયોગી વસ્તુઓ પહેલાંથી ઉત્પન્ન કરી મૂકી હતી અને આપણે હમેશાં અનુભવીયે છીયે કે, બાળક પેદા થતા પહેલાજ તે બાળકની માતાના સ્તનમા દુધ પેદા કરે છે. વળી એ 'રહમાન' પોતાના હુકમોને પાળનારા તેમજ તે હુકમોનો અનાદર કરનારાઓને સરખી રીતેજ બધી વસ્તુઓ આપે.

(૩) રહીમ—એને કહેવામાં આવે છે કે, જેને પકડવાથી એટલે જેના બતાવેલા કાનુનો પ્રમાણે ચાલવાથી કોઈ પણ વસ્તુના જૌહરો ઉન્નતિ પામે છે. હવે કેટલીક બાબતો અગર વસ્તુઓ ખરા ખુદાઇ કાનુનોને પકડવા નથી દેતી એનુંજ નામ ગુમરાહી

ગુનાહ-કુફ્ર (નાસ્તિકતા,) એ ઇમાની, કે બદી છે. એવી હાલતમાં ખુદાનો ચોથો ગુણ માલિકીય્યત (માલિકપણા)નો કામ કરે છે ત્યારે તેને

(૪) **માલિકે યવમુદીન**—કહેવામાં આવે છે. તે મનુષ્યના ગુનાહોના બદલામાં તેમને અઝાબ (શિક્ષા) કરે છે અને સત્કર્મોનો સારો બદલો આપે છે. અત્રે એ પણ યાદ રાખવું જોઇયે કે, કુરઆનના શિક્ષણ મુજબ એ અઝાબ બદલો લેવા માટે નથી અપાતું; બલ્કે તેનો હેતુ માત્ર સુધારણા છે. અને એનો ખુલાસો " અઝાબ " શબ્દે પોતે કરી આપ્યો છે.

અઝાબ શબ્દનો મૂળ ધાતુ "અઝબ" છે જેના બે અર્થ (૧) શિક્ષા—સઝા (૨) મીઠાસ. થાય છે. કોઇ વસ્તુ અથવા માણસને શિક્ષા એટલા માટેજ કરવામાં આવે છે કે, તેથી સારૂં (મીઠું) પરિણામ આવે.

હું અત્રે એ વાત પણ કહેવાની ઉત્સુકતા દબાવી શકતો નથી કે, સત્યધર્મને આખી દુનિયામાં પહોંચાડવા માટે અને તેને ફેરફાર વિનાનો સાચવી રાખવા માટે જો કોઇ ભાષા હોય તો તે, માત્ર **અરબી ભાષા** છે. એની સાબિતી માટે હું આ ચાર પાંચ શબ્દોજ રજુ કરૂં છું અને અને વાચકો પાસેથીજ ઇન્સાફ ચાહું છું કે, તેઓ ખુદાના ગુણોને બતાવનાર આવા ટુંકા અને તદ્દન યોગ્ય શબ્દો અન્ય કોઇ પણ ભાષામાં બતાવી શકશે? નહીંજ. ત્યારે પછી ખુદાનો અંતિમ ઇસ્લામ અરબી ભાષામાંજ ઉતરે એમાં શી નવાઇ??

સારાંશ એકે, કુરઆનના શિક્ષણને આધારે ખુદાઇ ઇસ્લામ અથવા મઝહબ (ધર્મ)નો હેતુ એજ હોઇ શકે કે, મનુષ્ય એમાં બતા-

વેલા શિક્ષણ પ્રમાણે ચાલીને પોતાના ગુપ્ત જૉહરો અથવા ફિતરતમાં મૂકાયલી શક્તિઓને સંપૂર્ણ ઉન્નતિએ પહોંચાડે. ખુદાપાક ફરમાવે છે કે "અલ્લાહ તઆલાએ મનુષ્યને જે ફિતરત ઉપર પેદા કર્યો છે એને ચમકાવવી એજ એનો સાચો મઝહબ છે અને ફિતરત પોતાના જૉહરોમા બદલતી નથી. ખુદાએ પેદા કરેલી વસ્તુઓ પોતાની ફિતરત બદલતી નથી."

કુરઆનની આ આયતે બતાવી આપ્યું કે, મઝબૂત દીન ફિતરતને કેળવવાનુંજ નામ છે અને સાથેજ સાથે ખ્રિસ્તીઓની એક માન્યતાનું પણ ખંડન કરી નાંખ્યું. ખ્રિસ્તીઓનો એવો મત છે કે. હ૦ આદમ (અલ૦)નો ગુનાહ માણસોને ગુનાહ તરફજ દોરે છે.

શરૂઆતમાં લખેલી કુરઆને પાકની સાત આયતોમાં એ પણ બતાવી દેવામાં આવ્યું કે, કુરઆનના ઈલ્હામ પહેલાં બીજા નબીયો ઉપર મોકલાવેલ ઇલ્હામ (જેમાં હીંદના પેગમ્બરો પણ શામિલ છે) પણ એજ હેતુ માટે મોકલવામા આવ્યા હતા અને મુસલમાનોએ તે ઇલ્હામો ઉપર પણ કુરઆન પાકની પેઠેજ ઇમાન લાવવો જોઇએ. અલબત્ત કુરઆન પાકમાં એ વિષે પણ ચોખવટ કરી દેવામાં આવી કે, આગળ મોકલાવેલા ઇલ્હામોમાં લોકોએ ભારે ફેરફાર કરી તેમને વિકૃત કરી નાખ્યા છે* એટલા માટે તે ઈલ્હામોમાં જેટલું શિક્ષણ કુરઆનના શિક્ષણને મળતું હોય તેને અસલ માની બાકીની બાબતો લોકોએ ઉમેરેલી ગણી લેવી.

* હીંદુઓના ધર્મપુસ્તક "વેદો" માં પણ ભારે ફેરફાર અને ગોટાળો થયો છે એ વિષે જો સંપુર્ણ માહિતી મેળવવી હોય તો મ્હેં લખેલ "વેદ નો ભેદ" નોવેલ વાંચી જુઓ.

ખુદાઈ કિતાબ (ઇશ્વરીય પુસ્તક) ની પ્રથમ ફર્ઝ એ છે કે, તે અમને અમારી શક્તિઓથી જાણીતા કરે અને અમારા ધ્યેય અથવા અમારા કમાલની હદ બતાવે તેમજ અમારી નિર્બળતાથી પણ અમને વાકિફ કરે. આટલી બાબતોની ચોખવટ કુરઆનપાક સિવાય અન્ય કોઈપણ ગ્રંથમાં નથી.

પ્રાચિન ફિલોસોફી અને ધર્મો એતો મનુષ્યને હલકામાં હલ્કી હસ્તી (અસ્તિત્વ) ગણ્યો. એટલે સુધી કે, કેટલીક જુની માન્યતાઓ (જેમના માનનારા અત્યારે પણ છે) બતાવી રહી છે કે, મનુષ્યમાં કોઇ ખુબીજ નથી અને તેના કર્મો તેને મુક્તિ નથી અપાવી શકતા. કેટલાકની એવી માન્યતા છે કે મનુષ્યની મોતજ તેની મુક્તિ છે. એથી વિરૂદ્ધ અર્વાચીન (હાલની) ફિલોસોફી (જેનું એક સ્વરૂપ રેશન-લીઝમ છે.) બતાવે છે કે, "મનુષ્ય ઉન્નતિ માત્રજ છે, એનામાં ખામી નથી." પરંતુ અનુભવથી એ બન્ને વાતો ખોટી ઠરે છે. કુરઆને કરીમે સૂરએ "તીન" મા એનો ખુલાસો નીચેના શબ્દોમાં કર્યો છેઃ=

" લકદ્ ખલક્નલ્ ઇન્સાના ફી અહસને તક્વીમ સુમ્મા રદદ્નાહો અસ્ફલા સાફિલીન, ઇલ્લ લ્લઝીના આમનૂ વ અમિલુસ્સાલિહાતે ફલહુમ અજ્રો ગેરો મમ્નૂન ફમા યુકઝ્ઝિબુકા બાદો બિદ્દીન અલયસલ્લાહો બિ અહ્કમિલ્ હાકિમીન."

એટલે કે, "મનુષ્યને ઉત્તમ રીત અને વ્યવસ્થા મુજબ બનાવવામાં આવ્યો છે કે, એમાં દરેક વસ્તુ બનવાની શક્તિ છે. એની શક્તિઓ ઉંચામાં ઉચા સ્થળે પહોંચી શકે છે, પરંતુ એનામાં હલકામાં હલ્કી (નીચામાં નીચી) અવનતિ તરફ જવાની પણ શક્તિ છે. જો તે કુદરતી રીતે ઉચ્ચતમ હસ્તી છે તો તેનામા નીચ હસ્તી બની જવાની

પણ શક્તિ છે. એટલા માટે મનુષ્ય પાસે થોડીક હિદાયતો (ઉપદેશો) ખુદા તરફથી આવે છે. જો મનુષ્ય એ હિદાયતોને અનુસરી વર્તે તો નીચતાથી બચી જાય છે અને તેની ઉન્નતિની કોઈ હદ નથી અને તેના શુભ કર્મોનો બદલો એના કોઇ પ્રકારના અંત ઉપરજ નહીં મળે. ”

વાંચકો ! લગાર વિચારો! જુઓ કે; કુરઆનનો આ સૌથી મહાન એહસાન (ઉપકાર) મનુષ્યજાતિ ઉપર નથી કે તેણે મનુષ્યની ખરેખરી સ્થિતિ બતાવી આપી ? !

આ આયતોમાં માત્ર મઝહબનો હેતુ બતાવવામા આવ્યો છે એટલુંજ નહીં, બલ્કે એ હેતૂ સિધ્ધ કરવાની રીત પણ બતાવી આપી. કુરઆન પાકે મનુષ્યની જે એ પ્રકારની સ્થિતિ બતાવી છે, એનાથી પણ કોઇ ઇન્કાર કરી શકે એમ નથી. વળી મનુષ્યમાં દરેક પ્રકારની શક્તિ અને સૃષ્ટિની દરેક વસ્તુના જૌહરો રહેલા છે. દાખલા તરીકે તે દરેક પ્રકારના પ્રાણીની ટેવો પોતાનામાં કેળવી શકે છે. મનુષ્યનું ગળું દરેક પ્રાણીના અવાઝની નકલ કરી શકે છે. જો તે માછલીની પેઠે તરી શકે છે તો ઘોડા કરતાં પણ વધારે દોડનાર છે. સરકસ વાળાઓ જે હયરત પમાડનારા કામો કરી બતાવે છે તે આ આયતોના ખુલાસારૂપ છે. આતો શરીરની વાત હતી, આત્મિક દ્રષ્ટિએ પણ તેની ઉન્નતિ અજબ પ્રકારની છે. એ ફરિશ્તાઓ કરતા પણ આગળ વધીને તેમનો હાકિમ બની શકે છે અને એજ અર્થમાં તે ખુદાનો "ખલીફા" છે. એથી વિરૂધ્ધ મનુષ્યને અવનતિ તરફ દોર નારી શક્તિઓનો પણ માત્ર એકજ દાખલો બસ થશે કે, એક આણુસ પોતાની મા, બ્હેન, સ્ત્રી, કે, છોકરીનું સુખ તો શું,

બલ્કે તનું વસ્ત્ર પણ પારકા પુરૂષને જોવા નથી દેતો જ્યારે એવા માણસો પણ આપણા જોવામાં આવે છે, જેઓ પોતાની પુત્રી કે સ્ત્રીને થોડાક પૈસાઓને માટે પર પુરૂષના પડખામાં આપી દે છે.

એટલા માટે ખુદાની કિતાબનો ફર્ઝ છે કે, તે મનુષ્યમા રહેલી શક્તિઓને પોષી તેમને યોગ્ય કામે લગાડવાનો માર્ગ બતાવે. થોડાક નૈતિક ઉપદેશો સંભળાવી દેવા અથવા ઇશ્વરની પુજા માટે થોડીક રીતો બતાવી દેવી અથવા ખોટા કર્મો કરનારાઓ માટે થોડાક શ્રાપ આપવાથી મઝહબનો હેતુ સિધ્ધ નથી થતો, સાચો અને ખુદાઇ મઝહબ એજ હોઇ શકે, જેમા શારીરિક, માનસિક, નૈતિક, વ્યવહારિક આત્મિક, વિગેરે, વિગેરે ઇન્સાની શકિતઓના પોષણના ઉપદેશ અને સામાન હોય. હવે તમે દુનિયાના બધા ધર્મ પુસ્તકોને તપાસી જુઓ તો જણાઇ આવશે કે, કુરઆને પાક સિવાય કોઇ પણ પુસ્તકમાં એવો ઉપદેશ અને એવા સાધનો નહીં મળી શકે. હું બીજી બધી બાબતોને પડતી મુકી આ સ્થળે આ જગતના જીવનની અંતિમ મંઝિલ રૂહાનીયત (આત્મોન્નતિ) વિષે ટુંકમાંજ લખી જણાવું છું

રૂહાનીયત થોડાક મો'જિઝાત (miracles) અથવા કરિશ્મા (અદ્ભુતલીલા) બતાવવાનું નામ નથી. એ ખરૂં છે કે, એવા કરિશ્મા બતાવવાની શકિત પણ રૂહાનીયતવાળા માણસમાં આવી જાય છે; પરંતુ માત્ર એમાંજ રૂહાનીયતનો સમાવેશ થતો નથી અથવા તો એ ખરી રીતે જોતાં માનવજીવનનો કોઇ ભારે હેતુ પણ નથી. સંપુર્ણ આત્મોન્નાત ત્યારેજ થઈ કહેવાય જ્યારે માણસમાં ખુદાની પેઠે સૃષ્ટિ પ્રત્યે પ્રેમભાવ (દયાભાવ) પેદા થઈ જાય. જેમકે હ૦ મુહમ્મદુર્ર-સૂલુલ્લાહે (સલ૦) ફરમાવ્યું છે કે "ખુદાની મખ્લુક (પેદા કરેલ વસ્તુઓ) પ્રત્યે દયાભાવ રાખવો એનું નામ ઇસ્લામ છે."

કુરઆનના શિક્ષણ ઉપર વિચાર કરવાથી જણાય છે કે, જો મનુષ્યની પ્રાથમિક અથવા સ્વાભાવિક સ્થિતિ પશુ સ્થિતિને મળતી છે તો એની સંપુર્ણ (કૈન્નત) સ્થિતિ એ દરજા સુધી જઈ પહોંચે છે કે, જેની આગળ માત્ર ઉલૂહીય્યત (ઈશ્વરત્વ)નો દરજ્જો રહી જાય છે. હવે કુરઆને પાકનું શિક્ષણ મનુષ્યના પાશવિક મનોવિકારોની સુધારણા થી શરૂ થાય છે અને ધીમે ધીમે એ મનોવિકારોને અખ્લાકે રબ્બાની (ઈશ્વરી નીતિ-વિવેક) માં ફેરવી નાખે છે એટલાજ માટે અમારા નબીએ કરીમે (સલ૦) ફરમાવ્યુ કે "તુખિલ્લકૂ બિ અખ્લાકિલ્લાહ" અર્થાત "તમારી અંદર અલ્લાહના અખ્લાક પેદા કરો."

સારાંશ એકે, સત્ય મઝહબનો હેતુ અને ફર્ઝ એજ છે કે, તે મનુષ્યને પશુ સ્થિતિમાંથી ઉપાડી ઈશ્વરત્વના દરજા સુધી પહોંચાડી દે. યાદ રાખો કે, દોઝખ (નર્ક) જેનું નામ છે, તે તમારા આ પાશવિક મનોવિકારોનુંજ એક સ્વરૂપ છે (જે મરણ પછી પણ તમારી સાથેજ છે) જે તમારી કલ્પના શક્તિમાં રાત્રિ દિવસ કામ કરે છે અને એજ ખોટા મનોવિકારોની સુધારણા અને તેમને નિયમમા મુકવાથી જન્નત (સ્વર્ગ)ના સામાન ઉત્પન્ન થઇ જાય છે. ઇસ્લામે એ મનોવિકારોનો નાશ કરવાની આજ્ઞા નથી આપી.

જેવી રીતે ભૂમિમા લોહું, ચાંદી, સોનું વિગેરે ધાતુઓ જે મટલ કાંકરાઓના સ્વરૂપમાં હોય છે અને પછી એ કાંકરા જુદા જુદા મશીનોમાંથી નીકળીને ચોખ્ખું સોનું, ચાંદી, લોહું વિગેરે બની જાય છે. એજ પ્રમાણે આ પાશવિક મનોવિકારો તમારા પેટમાંથી પેદા થઇ ધીમે ધીમે નીતિ અને અધ્યાત્મિક સ્વરૂપમાં ફેરવાઇ જાય છે.

એ બધા મનોવિકારોનો સમાવેશ ઇસ્લામે બે મુખ્ય મનો

વિકારોમાં કર્યો છે, જે આપણને પશુઓમાંથી વારસા તરીકે મળ્યા છે. ગઝબ (ક્રોધ) અને શેહવત (દુર્વાસના–લોભ) આ ક્રોધ અને લોભજ મનુષ્યના બધા કામોના કારણ રૂપ હોય છે. એ લોભ અને ક્રોધ (જેમનો માણસો તિરસ્કાર કરે છે) જ્યારે નિયમમાં મુકાય છે ત્યારે તેજ મનુષ્યની વિદ્યાપ્રાપ્તિ, હુન્નરજ્ઞાન તથા ઉન્નતિના કારણ રૂપ બની જાય છે. દાખલા તરીકે જ્યારે આપણને ભૂખ તરસ લાગે છે ત્યારે આપણે તેને મટાડવાની કોશિષોમા લાગી જઇયે છીયે. હું એક ઓરડામાં સુઈ રહું છું. હવે મ્હને એકાએક તરસ લાગી એટલે સૌથી પ્રથમ હું વિચાર કરૂં છું કે, પાણી કયાં મુકેલું છે અને તે પછી મ્હારી જગ્યા મુકીને પાણી પીવા માટે બીજે ઠેકાણે જાઉં છું. એ પ્રકારે તરસ મ્હારા જ્ઞાન અને કાર્યના કારણ ભૂત બને છે. હવે જો આપણી ઝરૂરીયાતોજ આપણી નાગરિકતા અને આપણી ઉન્નતિના કારણ રૂપ છે, ત્યારે એ ઝરૂરીયાતો લોભની શક્તિથીજ ઉત્પન્ન થાય છે. બીજી તરફ ક્રોધના યોગ્ય ઉપયોગ ન્યાય-વૃત્તિ અને જાનમાલના રક્ષણ માટે આવશ્યક છે. પોલિસ, મેજીસ્ટ્રેટી અથવા રાજ્યકીય બંધારણ એ ક્રોધનાજ સ્વરૂપ છે. અલબત્ત એ લોભ અને ક્રોધની સુધારણા આવશ્યક છે. સુધારણા થતાં તે ખુદાઇ ક્રોધ અને ખુદાઇ પ્રેમ બની જાય છે. એ ઉચ્ચતમ સ્થાને પહોંચ્યા પછી માણસ જો કોઇની ઉપર ગુસ્સે થઇ જાય છે તો માત્ર ખુદાને માટે. એટલે કે, તેનાથી બદલો લેવાના વિચારે નહીં; બલ્કે તેની સુધારણા માટે. તેમજ જો કોઇના પ્રત્યે પ્રેમ બતાવે છે, તો તે પણ કોઇ સ્વાર્થ કે સંબંધને કારણે નહીં; બલ્કે એટલા માટે કે તે પ્રેમપાત્ર પણ ખુદાએ પેદા કરેલ છે. એવો માણસ બીજાઓના લાભ માટે

જીવે છે અને પોતાની કમાણી તથા ખુદાએ આપેલી શક્તિઓ બીજાઓના લાભ માટે વકફ કરી દે છે. આ ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરવા માટે એવા ઉચ્ચ ઇદરાક (જ્ઞાન-ગ્રહણ શક્તિ) ની આવશ્યકતા છે, જેને આંગ્લભાષામાં Cosmic consciousness, સુફી (બ્રહ્મજ્ઞાની-યોગિ)ઓની ભાષામાં "ઇદરાકે કૌનીયા" અને કુરઆન ની ભાષામાં " સિબ્ગતુલ્લાહ (ખુદાઇરંગ) કહે છે. એટલેકે, એક માણસ આ સ્થિતિએ પહોંચીને ખુદાએ પેદા કરેલ મનુષ્યો અને પશુઓ વિગેરેની જરૂરીયાતો અને દુઃખોને એવીજ રીતે જાણી લઇને તેમજ તેના નિવારણ માટે એવીજ રીતે કોશીશ કરે છે, જેવી રીતે તે પોતાની જરૂરીયાતોને જાણીને તેમના નિવારણ માટે કોશીશ કરે છે તેમજ જો ન ચાલે તેમ હોયતો બીજાઓની જરૂરીયાતો પોતાની જરૂરીયાતો કરતા આગળ મુકે છે. આ માનવઉન્નતિનો અંતિમ દરજ્જો છે. આ એ ઇદરાક છે જે ઉત્તમ ઇદરાક એટલે ખુદાનું ખરૂ પ્રતિબિંબ કે પડછાયો કહી શકાય છે. જો ખુદાનું નામ "રબ્બુલ આલમીન" છે એટલે કે, તે પોતે પેદા કરેલી દરેક વસ્તુનું પોષણ કરે છે તો પછી એવા ઇદરાકવાળો માણસ પણ રબ્બુલ આલમીનનું પ્રતિબિંબ હોય છે એટલે એના જીવનનું ધ્યેય પણ રબ્બુલ આલમીનના ધ્યેય (એટલે દરેક વસ્તુની સેવા અને પોષણ કરવું) જેવુંજ હોય છે.

કુરઆને કરીમે ઇસ્લામના મહાન પેગમ્બરના પવિત્ર આત્માનું ચિત્ર દોરતા આ 'ઇદરાકે કૌનીયા' પ્રત્યેજ ઇશારો કર્યો છે કે "કુલ ઇન્ના સલાતી વ નુસુકી વ મહયાયી વ મમાતી લિલ્લાહે રબ્બિલ આલમીન" અર્થાત્ " કહી દે હે મુહમ્મદ ! કે મ્હારી નમાઝ અને મ્હારી કુરબાનીયો અને મ્હારૂં જીવવું મરવું (મ્હારા જીવન કર્મો અને

મ્હારા મઝહબના તરીકાઓ) બધું રબ્બુલ આલમીન (ની સેવાઓ) માટે છે." એટલે કે, હું એ હેતુને પુરો પાડવા માટે જન્મ્યો છું જેનું નામ "રબૂબીય્યત" છે. આ એ દરજ્જો છે, જ્યાં મનુષ્યના કમાલની કમાન (હદ) ઉલૂહીય્યતની કમાન સાથે લાગે છે. કુરઆનના શબ્દોમાં મનુષ્યત્વની કમાનની કાબ (કમાનને વચમાંથી પકડવાની જે જગ્યા હોયછે તે) ઉલૂહીય્યત (ઈશ્વરત્વ) ની કમાનની કાબની બરાબર પાસે આવી જઈ "કાબ કૌસેન" ના ભેદને ખોલેછે. મુસલમાન સૂફીઓએ આ દરજ્જાનું નામ "મુકામે મુહમ્મદ્દ્ય્યન" રાખ્યુંછે આ સ્થળે સુલૂક (રસ્તે ચાલવું. મુસલમાન સૂફીઓની ભાષામા ખુદાની પાસે પહોંચવું) ના સઘળા માર્ગ સમાપ્ત થઈ જાયછે, ખુદાઈ પ્રેમની જ્વાળા ઉપરથી ઉતરી મનુષ્યના અંતઃકરણ ઉપર પડી તેના બધા હલકા મનોવિકારોને બાળીને તેમને પ્રકાશિત બનાવી દેછે. એ વખતે મનુષ્યની કુલ નીચતાઓ અને નાલાયકીઓ ઉત્તમતા અને લાયકીમાં ફરી જાય છે હવે કાકરા અને પત્થરોમા રહેલું સોનું ખરૂં ચોખ્ખું સોનું બની જાય છે. એ સ્થળે મનુષ્ય ખુદાના હાથમાં એક મડદા અગર મશીનની પેઠે બની જાય છે. હ૦ મુહમ્મદ મુસ્તુફાએ (સલ૦) એ દરજ્જા વિષે ફરમાવ્યું છે કે "ખુદા એના (મનુષ્યના) હાથ હોય છે, જે વડે તે કામ કરે છે, ખુદા એના પગ હોય છે. જે વડે તે ચાલે છે, ખુદા એની જીભ, મુખ, કાન, આંખ હોય છે, જે વડે તે બોલે છે, સાંભળે છ, જુએ છે અથવા ખાય છે. તે પોતે કાંઈ કરતો નથી; બલ્કે એના કામ ખુદાના કામ હોય છે." આ દરજ્જા ઉપર પહોચનાર માણસ ઝરૂરતને પ્રસંગે મો'જીઝા અને કરામત દેખાડી શકે છે. હ૦ મૂસા, ઇસા, દાઉદ, સુલૈમાન (અલયહિમુસ્સલામ .વિગેરે તથા હિંદુઓની માન્યતા મુજબ રામચંદ્રજી અને કૃષ્ણજી આ

દરજ્જે પહોચેલા દેખાય છે. સાધારણ લોકો એવા માણસને ભૂલથી ખુદા માની લેછે; પરંતુ આ દ્રષ્ટાંત તો તે લોઢા જેવું છે, જે અગ્નિમાં પડીને અગ્નિના ગુણ ગ્રહણ કરી લે છતાં પોતાનું લોઢાપણું પણ ત્યાગી શકતું નથી અને એજ કારણે એવા શ્રેષ્ઠ મનુષ્યો પણ મનુષ્યત્વમાંથી જુદા થઈ શકતા નથી. કયારેક લોઢું અગ્નિમાં હોય છે અને કયારેક બ્હાર.

સારાંશ એકે આ Cosmic consciousness (ઇદરાકે કાનીયા). જેમા મનુષ્ય રબૂબીય્યતનું સ્વરૂપ ધારણ કરે છે એ તેની ફિતરત (Nature—સ્વભાવ)મા શકિત રૂપે રહેલ છે. બીજી બાજુએ જે ઇદરાક મનુષ્યના જન્મ સમયે તેનામા હોય છે તે દરેક પશુમાં હોય છે. જેને "ઇદરાકે હૅવાનીયા" કહેવામાં આવે છે. પશુ માત્ર પોતાના શરીરના પોષણનો વિચાર કરે છે અને તે પોષણ માટે બીજાઓના હકકોની તે પરવાહ કરતો નથી. જ્યારે કોઇ જનાવર અત્યંત ભૂખ્યો થાય છે ત્યારે તે બીજાનો ખોરાક ખાઈ જાય છે. મનુષ્ય પણ એ Consciousness ની હદમાં પોતાની કામનાઓની તૃપ્તિમાજ ફસાયેલો હોય છે. એ ઇદરાકનું બીજું નામ કુરઆન પાકે "નફસે અમ્મારા" રાખ્યું છે. ચોરી, ધાડ, વ્યભિચાર વિગેરે પાપકર્મો એનાજ પ્રતાપે થાયે છે.

જેવી રીતે બીજી બાબતોમા Evolution ઇરતિકા—પ્રકટીકરણ) ના સાત દરજા છે એજ પ્રમાણે આ ઇદરાકે હૅવાનીને છ દરજા વટાવી સાતમે દરજ્જે "ઇદરાકે કૅાની" બનવાનું છે અને ઇસલામનો હેતૂ એજ છે કે, તે આ "ઇદરાકે હૅવાની "ને "ઇદરાકે કૅાની" સુધી પહોચાડે: ઇદરાકના એ સાત દરજા નીચે પ્રમાણે છે.

(૧) ઇદરાકે શખ્સી—Individual consciousness—વ્યક્તિગત ભાન

(૨) ઇદરાકે માન્ઝલી—Family consciousness—કુટુંબ ભાન

(૩) ઇદરાકે ઇસદિકાઇ—Social—સમાજીક ભાન.

(૪) ઇદરાકે કૌમી—Tribul or National—જાતિ-પ્રજાકીય ભાન.

(૫) ઇદરાકે મુલ્કી—Country consciousness-દેશનું ભાન.

(૬) ઇદરાકે નૉઇ—Special— „ ખાસ-મુખ્ય ભાન

(૭) ઇદરાકે કૌની—Cosmic— .. બ્રહ્માંડ ભાન.

ઇદિરાકે શખ્સી એને કહેવામાં આવે છે કે, માણસ પોતાનો હક પોતે લે અને બીજાનો બીજાને આપી દે. કોઈનો હક પણ ન મારે; બલ્કે બીજાના હકકોનું રક્ષણ પણ પોતાના હકકો જેટલુંજ કરે. એથી આગળના જેટલા ઇદરાક છે તે બધા પોતાના પ્રાકટ્ય માટે ઇસાર (બીજાની ઇચ્છાને પોતાની ઇચ્છા કરતાં વધારે ગણવી) અને ભોગવૃત્તિને ચાહે છે અને એ બંને બાબતો બાલબચ્ચાં અને સ્ત્રીના સંબંધમાં આપણાથી ઝાહિર થાય છે. કોણ પોતાના સ્ત્રી બાળકોની ઝરૂરતોને પોતાની ઝરૂરતો કરતાં ઓછાવત્તા પ્રમાણમાં વધુ અગત્યતા નથી આપતો? ખરો ગૃહસ્થ તો એજ કહેવાય છે, જે પોતાના કુટુંબ પરિવારને માટે જીવે છે આ "ઇદરાકે મનઝિલી" કહેવાય છે.

કુરઆને પાકના ઉપદેશ પ્રમાણે ગૃહસ્થ જીવનમાંજ દયા અને કૃપાભાવનાના બી ઉગી નીકળે છે અને એ ભાવનાઓની સંપૂર્ણતા

રુહાનીયત (આત્મોન્નાત) નું ધ્યેય છે. ક્રોધ ભાવની સુધારણા અને તેનો યોગ્ય ઉપયોગ પણ ગૃહસ્થ જીવનમાંજ થઈ શકે છે. અને તે પ્રસંગે જે ક્રોધ પ્રકટ થાય છે એ માત્ર સ્ત્રી કે બાળકોની સુધારણા માટેજ હોય છે એટલે તે ક્રોધને બદલે રેહમત (કૃપા) બની જાય છે. એ ગુસ્સો નાહ, બલ્કે પ્રેમનું એક વિકૃત સ્વરૂપ હોય છે. કુરઆને પાકમાં ખુદા તઆલા ફરમાવે છે કે "સ્ત્રી પુરૂષનાં જોડાં કાંઇ કામવૃત્તિને ઉત્પન્ન કરવા માટે નહીં બલ્કે તે પશુવૃત્તિઓને નિયમમાં મુકી મનુષ્યની ફિતરમાં રહેલ દયાભાવ અને પ્રેમભાવને પ્રકટ કરવા માટે બનાવ્યાં છે."

એથી આગળ "દરાકે ઇસિદિકાઇ" છે, એ પણ ગૃહસ્થ જીવન વડેજ પોષાય છે. એમા મનુષ્યનો પ્રેમભાવ અને દયાભાવ લગ્ન સંબંધથી થયેલા નવા સગાસ્નેહીઓ સુધી પહોચે છે, અને તે પછી ધીમે ધીમે એ ભાવનાઓ વધુને વધુ પોષાઇને સમસ્ત બ્રહ્માંડ સુધી પહોચે છે. હવે એ ભાવનાઓ સારી પેઠે પોષાવાનું મૂળસ્થાન ગૃહસ્થ જીવન છે, એટલાજ માટે ઇસ્લામના મહાન પેગમ્બર હ૦ મુહમ્મદ મુસ્તુફા (સલ૦) એ ફરમાવ્યું "અન્નિકાહો મિન સુન્નતી ફમન રગબા અન્ સુન્નતી ફલયસા મિન્ની" (અર્થાત્ નિકાહ કરવો એ મ્હારી સુન્નત છે અને જે આ સુન્નત તરફ ઇચ્છા નથી કરતો તે મારામાંથી (મુસલમાન) નથી"

ચોથા દરજ્જા ઉપર માણસ પોતાની જરૂરતો કરતાં પોતાની કોમની જરૂરતોને વધુ અગત્યતા આપે છે. પાંચમા દરજ્જા ઉપર દેશની જરૂરતોને પણ પુરી પાડવા તૈયાર થાય છે, અને છઠ્ઠા દરજ્જામાં તે સમસ્ત મનુષ્યજાતિની સેવા માટે તૈયાર થઇ જાય છે. અને તે પછી

ે જગતની પ્રત્યેક વસ્તુ પ્રત્યે પ્રેમ ધરાવે છે, ત્યારે ખુદાના રંગમાં રંગાઇ જાય છે અને એનુંજ નામ કુરઆન પાકે " સિબ્ગતુલ્લાહ " રાખ્યું છે.

શરૂઆતમાં લખાયેલી સાત આયતોમાં કુરઆન પાકને "મુત્તકી (પરહેઝગાર) લોકો માટેના બોધ તરીકે બનાવ્યો છે. એની ઉપર અમારા કેટલાક ભાઇયો (આર્ય સમાજીઓ) એવી ટીકા કરે છે કે "ઉપદેશતો એને માટે હોવો જોઇયે જે પોતાની હિફાઝત નથી કરી શકતો, પરહેઝગારોને ઉપદેશની શી આ આવશ્યકતા છે ?" એટલે હુ આ વિષે પણ સંપુર્ણ ખુલાસો આપી દઈ આ પુસ્તકને સમાપ્ત કરીશ.

મુત્તકીના અર્થ અરબી ભાષામાં નેક, પવિત્ર આચરણવાળો, પરહેઝગાર, બચનાર, પોતાનું રક્ષણ કરનાર થાય છે. હવે સૃષ્ટિના બંધારણને જોતાં આપણને જણાઈ આવે છે કે દરેક વસ્તુની ઉત્પત્તિ અને પોષણના અસબાબ (કારણો) લગભગ સરખાજ હોય છે. ઓક્સીજન, નાઇટ્રોજન, હાઇડ્રોજન, કાર્બોન અને ફોસ્ફરસ વિગેરેથીજ દરેક જનાવર અને મનુષ્ય શરીર બને છે; પરંતુ જુદા જુદા પ્રકારના મેળવણી અને પ્રમાણ જુદા જુદા પ્રકાર બનાવે છે. એજ પ્રમાણે એકજ જમીન, તેમાં રહેલો એકજ પ્રકારનો સત્વ એકજ પ્રકારના હવા પાણી હોવા છતાં ઉપલી ચીજો જુદા જુદા પ્રમાણમાં ભળવાથી જુદા જુદા વૃક્ષો અને વેલાઓ, શાક, ભાજી, ફળ ફુલ વિગેરે બને છે. અને સ્વાદ, અસર અને દેખાવ—આકૃતિ વિગેરે પણ જુદા પ્રકારના હોય છે. ઉપલી વસ્તુઓ અમુક પ્રમાણમાં કોઇ અમુક વસ્તુને માટે લાભદાયક હોય છે ત્યારે બીજી વસ્તુને માટે એ પ્રમાણ હાનિકર્તા હોય છે. કુદરતે દરેક વસ્તુમાં પોતાના લાભની વસ્તુઓ

ગ્રહણ કરી નુકસાનકારક વસ્તુઓ ત્યાગી દેવાની શક્તિ મૂળથી સુધી દીધી છે. એ શક્તિનું નામ ઇસ્લામી હકીમોએ કુવ્વતે મુદાબ્બરા Constructive ability રાખ્યું છે.

પરંતુ આ વિષયમા મનુષ્ય દુનિયાની અન્ય સર્વ વસ્તુઓથી જુદો પડે છે. મનુષ્યમાં "કુવ્વતે ઇરાદા" (will–power) મુકાયેલી છે, એટલે જે તે એ કુવ્વતે ઇરાદા અથવા કુવ્વતે ઇખ્તિયારી (optional desire) વિરૂદ્ધ વર્તે ત્યારેજ એ constructive ability પોતાનું કામ કરે છે. પરંતુ મનુષ્ય સિવાય દુનિયાની અન્ય મખ્લુક (સૃષ્ટિ) માં એ 'કુવ્વતે ઇરાદા' મુકાયેલી ન હોવાથી તેઓમાં આપોઆપ ગ્રહણ કરવાની કે તજવાની શક્તિ ઉત્પન્ન થઇ જાય છે. મનુષ્યમાં એ શક્તિ જ્ઞાન કે અનુભવ વડેજ પોષાય છે. મ્હિકામ પણ દુનિયામાં આવાજ પ્રકારની ફાયદાકારક કે હાનકારક વસ્તુઓની ખબર આપે છે. દુનયાની પ્રત્યેક વસ્તુ કોઇને કોઇ ફાયદા માટેજ પેદા કરાઇ છે. દરેક વસ્તુ અને પછી એનું ખાસ પ્રમાણ કોઇ ખાસ કામને માટેજ હોય છે. એ પ્રમાણથી આગળ વધવું નુકસાનકારક છે. અર્થાત જે વસ્તુ ખેર (લાભદાયક) હોય છે તે શર (નુકસાન કર્તા) બની જાય છે. એ પમાણ ખુદાપાકે મુકર્રર કરેલું હોય છે. એટલાજ માટે ઇસ્લામના પવિત્ર પુસ્તક કુરઆને મજીદમાં ફરમાવ્યું છે કે "દરેક ખેર અને શરનું પ્રમાણ અને હદ ખુદાએ મુકર્રર કરેલ છે." અને એ પ્રમાણ અને હદનું નામજ " કાનૂન " છે તથા દુનિયાનો સઘળો કારોબાર એ કાનૂન પ્રમાણેજ ચાલે છે. મનુષ્યને માટે પણ એ કાનૂન જાણવાની ખાસ અગત્ય છે, જેથી તે લાભ દાયક વસ્તુઓને ગ્રહણ કરી નુકસાનકારક વસ્તુઓને ત્યાગી પોતામાં

રહેલા શક્તિઓ સંપૂર્ણ રીતે ખીલવી શકે. એ કાનૂનનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું એક મુખ્ય સાધન " ઇસ્લામ " છે. એટલાજ માટે ખુદાપાકની કિતાબ કુરઆને શરૂઆતમાંજ બતાવી આપ્યું કે " આ કિતાબનો હેતૂ મનુષ્યની ફલાહ (ભલાઇ) છે, એમા હિદાયતો છે, જેથી મનુષ્યે કેટલીક વસ્તુઓથી પરહેઝ કરવો (મુત્તકી બનવું) છે અને કેટલીક વસ્તુઓથી લાભ ઉઠાવવાનો છે; એટલે સચ્ચાઇયો ઉપર ઇમાન લાવી ખુદાએ આપેલી વસ્તુઓ બીજાઓને માટે ખર્ચ કરવી. "

વાંચકો ! તમેજ કહો કે, આવું શ્રેષ્ટ શિક્ષણ આપનાર દુનિયામાં કુરઆન સિવાય કોઈ અન્ય ધર્મ પુસ્તક છે ?

" વમા અલયના ઇલ્લલ બલાગ—વસ્સલામુ અલા મનિત્તબઇલ હુદા "

" બદ્ર નિઝામી–રાહતી " એ લખેલા પુસ્તકો.

વેદનો ભેદ–નૉવેલ—સાદી અને સુંદર ભાષામાં, સભ્યતા ભરી રીતે વાર્તારૂપે આ પુસ્તકમાં "વેદ" નો ભેદ ઉઘાડો પાડી વેદોમાં થયેલા ગોટાળા ઉપર પુરેપુરો પ્રકાશ નાંખ્યો છે. એ નૉવેલમાં નીચે પ્રમાણે પ્રકરણોનો સમાવેશ થાય છે. (૧) વેદ શબ્દ વિષે વિચાર (૨) વેદોત્પત્તિ વિષે વિચાર (૩) વેદો ગુમ થઇ ગયા (૪) વેદોની ભિન્નભિન્ન નકલો (૫) ઋગ્વેદની ભિન્ન ભિન્ન નકલો. (૬) સામવેદ અને તેની નકલો (૭) અથર્વવેદની નકલો વચ્ચે જંગ (૮) વેદશાખાઓ વચ્ચે મારામારી (૯) શાસ્ત્રાર્થ. કીમત. રૂા, ૦–૮–૦ પોષ્ટેજ જુદું.

નિયોગના ભોગ—આર્યસમાજના માનીતા, પરંતુ અધમ અતિ નિર્લજ્જ સિધ્ધાંત "નિયોગ"નું વાદવિવાદ રૂપે આમાં સંપૂર્ણ ખંડન કરવામાં આવ્યું છે. કી. ૦–૧–૦ પોષ્ટેજ જુદું.

વૈદિક ત્રિદેવનું ખંડન—આર્યસમાજના મુખ્ય સિધ્ધાંત (આત્મા, પ્રકૃત્તિ અને પરમાત્મા અનાદિ છે) નું વાદવિવાદ રૂપે સંપૂર્ણ ખંડન આમાં થયું છે. (છપાય છે.) કી. ૦–૫–૦

ગઝલીયાતે હઝારી—અરબી, ફારસી અને ઉર્દુ ભાષાના નામાંક્તિ કવિયોની ગઝલોનો અપૂર્વ સંગ્રહ. છેવટમાં અઘરા શબ્દોના અર્થ પણ આપેલા છે. લગભગ સવા ત્રણસો પાનાના દળદાર અને પાકી સોનેરી બાઇન્ડીંગના પુસ્તકની કીમત રૂા, ૩–૮–૦

બીરબલ વિનોદ—બીરબલના સંપૂર્ણ જીવન ચરિત્ર સાથે બારબલ બાદશાહની હાસ્યરસ પ્રધાન વાર્તાઓનો અપૂર્વ સંગ્રહ. પાકું સોનેરી પુઠું કીં. રૂા. ૩–૦–૦

અન્ય લેખકોના પુસ્તકો.

વિશ્વ ધર્મ ઇસ્લામ—સાદી અને સુંદર દલીલો વડે ઇસ્લામ ધર્મને જગત્ વ્યાપી, સર્વોત્તમ અને સ્વાભાવિક તરીકે ઘણીજ સારી રીતે સાબિત કરી બતાવ્યો છે. પાકું સોનેરી પુઠું. બન્ને ભાગ સાથે. કીં રૂા. ૩-૦-૦

અલ ઇસ્લામ—આમાં ઇસ્લામની શ્રેષ્ઠતા સાબિત કરવામાં આવી છે કીં. રૂા. ૧-૦-૦ પોષ્ટેજ જુદું.

છુતછાત—સ્પર્શાસ્પર્શનો રિવાજ કેવો છે અને હીન્દુઓએ તેને કયારથી ગ્રહણ કર્યો એનો સંપૂર્ણ ખુલાસો આમાં આપેલો છે. કીં. ૦-૪-૦

દરીયાઈ સાહેબનું જીવન ચરિત્ર—ખ્વાજા મેહમૂદ દરીયાઇ (રેહ૦)નું જીવન ચરિત્ર ઘટાડેલી કીં.મત. રૂા. ૧-૪-૦

તેજસ્વી દિલનો પ્રકાશ—આર્યસમાજના મુકાબલામાં ઇસ્લામની સરસાઈ સાબિત કરી છે. કીં. ૦-૪-૦

ઇસ્લામ રિસાલા નં. ૧—ઇસ્લામી અકીદા ગુજરાતી અક્ષર ઉર્દૂ ભાષામાં. કીં. ૦-૦-૬

ઇસ્લામ રિસાલા નં ૨—કીર્ફ તોહફતુલ મુસ્લિમીન. ઇસ્લામી મસઅલાઓનો ભંડાર ઉર્દુ ભાષા અને ગુજરાતી અક્ષરોમાં. કીં. ૦-૩-૦

નમાઝકા ફલસફા—દરેક મુસલમાને વાંચવી જોઇએ કીં. ૦-૪-૦.

હ૦ મોહમ્મદ સ. અ. સ. નું ટુંક જીવનવૃત્તાંત ૧-૮-૦
અરબનો ઇતિહાસ, ભા. ૧-૨..................૬-૦-૦
અમારા નબી અને તેમનાં બોધવચન............૦-૮-૦
આર્યધર્મનું ખંડન અને ઇસ્લામનું મંડન......૦-૪-૦

કુરઆન શરીફ વિગેરે પણ મળશે. આજેજ નીચલે સરનામે ઓર્ડર મોકલાવો.—

મેનેજર
રાહતી બુક એજન્સી.
હાલગરવાડા.
અમદાવાદ

જુનીઆશા **નવા સ્વરૂપમાં**

-અગાઉથી બસો ગ્રાહકોના નામ નોંધાતા

નિઝામી

નામનું માસિક બહાર પાડવાનો પાકો નિશ્ચય કરી લીધો છે. આજકલ બિન ઈસ્લામીઓના હુમલાઓના જવાબ વાળવા સાથે મુસલમાનોને ઇસ્લામથી પુરેપુરી રીતે વાકિફ કરવાની ખાસ અગત્ય છે. જો બસો ભાઇયો આ કામમા મ્હને મદદ આપવા તૈયાર થઈ જાય તો હું ઇન્શાઅલ્લાહ ઉપલી ઝરૂરીયાતોને પુરતી રીતે પહોંચી વળવા પ્રયાસ કરીશ. મ્હને સંપૂર્ણ આશા છે કે મ્હારી આ પુરાતન આશાને પૂર્ણ કરનારા બસો ઉદાર ગૃહસ્થો ઝરૂર તૈયાર થઈ જશે, અને હું થોડીજ મુદ્દતમાં તદ્દન નવાજ સ્વરૂપનું એક ઇસ્લામી માસિક પબ્લીકના હાથમા મૂકવાને સમર્થ થઇ શકીશ. ઇન્શાઅલ્લાહ.

વાર્ષિક લવાજમ.

હીંદમાં. રૂ. ૪-૦-૦ હીંદ બહાર આઠ શીલીંગ.

નીચલે સરનામે નામ નોંધાવો.

બદ્ર નિઝામી-રાહતી
હાલગરવાડા **અમદાવાદ**